# રણાસણમાં ધમધમતા જુગારધામ પર દરોડો

## ડભોડા પોલીસ ઉંઘતી ઝડપાઇ : દોઢ લાખના મુદ્દામાલ સાથે સાત શકુનીઓની ધરપકડ

ગાંધીનગર, તા.૧૭
શ્રાવણ શરૂ થતાં જ શ્રાવણીયા જુગાર રમાડવા ગેમ્બલર્સ સક્રિય થઈ ગયા છે ત્યારે જિલ્લામાં ક્યાંક ખાનગી રીતે કોઈના મકાનમાં બેસીને કેટલાક મિત્ર વર્તુળ ભેગા થઈ જુગાર રમવા છાના છૂપા બેસી જાય છે. તો ક્યાંક સ્થાનિક પોલીસના વહિવટદાર જોડે સેટીંગ કરીને ક્લબની મંજૂરી મેળવી અંતરિયાળ વિસ્તાર કે ફાર્મ હાઉસમાં જુગાર રસિકોને ભેગા કરી જુગારધામ શરૂ કરી દેવાય છે. ક્યારેક એવું પણ બને છે કે વર્ષોથી પોલીસ મથકનું વહીવટ કરતા પોલીસ કર્મચારી પોતાના જોખમે જ ઉપરી અધિકારીને જાણ ન થાય તે રીતે પીળો પરવાનો આપી જુગારધામ શરૂ કરાવી દે છે. આવા કિસ્સામાં ઉપરી અધિકારી કે એજન્સીઓને આ બાબતનો ખ્યાલ આવે ત્યારે તે સ્થળે દરોડો પાડી ઈન્કવાયરી સોંપી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે છે. જિલ્લા પોલીસ અધિક્ષકની કડક સુચનાને કારણે આવા જુગારધામ એક પણ ચાલવા નહીં દેવા કવાયત હાથ ધરાઈ છે ત્યારે તાજેતરમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ કરેલા બે દરોડા શંકાના દાયરામાં છે. માણસા તાલુકાના લોદરા ગામે લોકલ ક્રાઈમ બ્રાંચે પકડેલા જુગારધામ અને ડભોડા પાસે રણાસણ ગામે ગઈકાલે પકડાયેલા જુગારધામ પર તપાસ થાય તેવી શક્યતા છે.




લોકલ ક્રાઈમ બ્રાંચ પીઆઈ જે.ડી પુરોહિતને ગઈકાલે સાંજે ચોક્કસ બાતમી મળી હતી કે ડભોડા નજીક આવેલા રણાસણ સર્કલ નજીક સરદાર પટેલ રિંગ રોડ ઉપર આવેલી એક ઓરડીમાં રૂપસિંગ ઉર્ફે લાલો સોમાજી ઝાલા નામના શખ્સે જુગારધામ શરુ કરી દીધુ છે. આ બાતમીના આધારે તેમની ટીમે ઓરડીમાં દરોડો પાડી બિન્દાસ જુગાર રમી રહેલા સાત શકુનીઓને રંગે હાથ જુગાર રમતા ઝડપી પાડયા હતા. જુગારમાં તેમની પાસેથી મળેલી રોકડ રકમ પણ ઓછી નહોતી. શકુનિઓ પાસેથી રૂ.૧.૨૯ લાખ રોકડ મળી આવી હતી. એલસીબીની ટીમે રણાસણ ગામની સીમમાં આવેલા શંખલપુર વિસ્તારમાં રહેતા નરેન્દ્ર ઈશ્વરસિંહ સોલંકી, અમદાવાદ અસારવા વિસ્તારમાં ખોડીદાસની જૂની ચાલીમાં રહેતા સંજય જયંતિ ડાભી, અમદાવાદના નવા નિકોલ ખાતે મનોહરવીલા માં રહેતા નરબહાદૂર પદમબહાદુર રાજપૂત, રણાસણ ગામ ની સીમ રિંગ રોડ પર રહેતા મુન્ના સોમાજી ઝાલા, અશોક કાળાજી ઝાલા, ઓઢવનાં નંદબહાદુર પદમબહાદુર રાજપૂત અને રણાસણ ગામની સીમમાં રિંગ રોડ પર રહેતા તથા જુગારનો અડ્ડો ચલાવતા રૂપસિંહ ઉર્ફે લાલો સોમાજી ઝાલા મળીને સાત શકુનીઓને એલસીબીની ટીમે રોકડ રૂ.૧.૨૯ લાખ તથા ૬ નંગ મોબાઈલ મળી કુલ રૂ.૧.૪૯ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ સ્થાનિક પોલીસ એટલે કે ડભોડા પોલીસ આ કિસ્સામાં ખરેખર ઉંઘતી ઝડપાઈ કે પછી ખાનગી પરવાનો હતો તે બાબતે પણ તપાસ થઈ રહી છે.

### જુગારના બે અલગ-અલગ કેસોમાં એસપીએ ઈન્કવાયરી સોંપી

**ઈન્ફોસિટી પોલીસના અઢી લાખના તોડ પ્રકરણમાં અને માણસાના લોદરાથી પકડાયેલા જુગારધામના કેસમાં ડીવાયએસપી તપાસ કરશે**

ઈન્ફોસિટી પોલીસે કુડાસણ ગામમાં દરોડો પાડીને નવ જુગારીઓને જુગાર રમતા પકડાયા બાદ તેમના વાહનો અને મોબાઈલો જપ્ત ન કરવા સવા લાખ રૂપિયાનો તોડ કરી નવ જુગારીઓ પૈકી ત્રણ જુગારીના કાગળ ઉપરથી ગાયબ કરવાના ચર્ચાસ્પદ કિસ્સામાં જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાએ આ બાબતની ગંભીરતાથી નોંધ લીધી છે. સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી આ ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ કરવા એસપી મયુરસિંહ ચાવડાએ ગાંધીનગર ડિવિઝનના ડીવાયએસપી એમ.જે. સોલંકીને ઈન્કવાયરી સોંપી છે. તટસ્થ તપાસમાં સમગ્ર તોડ કાંડ બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. તો બીજી તરફ ગાંધીનગર એલસીબી અને એસઓજીની ટીમે બે દિવસ પહેલા માણસા તાલુકાના લોદરા ગામે જુગારધામ પર દરોડો પાડી શકુનીઓને પકડયા હતા. આ પ્રકરણમાં સ્થાનિક પોલીસનું ઈન્વોલ્વમેન્ટ હોય તેવી શંકાને પગલે આ પ્રકરણની પણ ઈન્કવાયરી એસપી મયુર ચાવડાએ ડિવાયએસપીને સોંપી છે. સુત્ર પ્રમાણે મળતી માહિતી મુજબ લોદરાના જુગારધામ પર દરોડો પડયો તેના એક દિવસ પહેલાં જ ઓફ ધ રેકોર્ડ મંજૂરી મળી હતી. આગલી સાંજે સ્થાનિક પોલીસ મથકનો ડી સ્ટાફનો માણસ આ જુગારધામ પાસે ફરક્યો હોવાનું પણ પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું હતું.

### ફિરોજપુરમાં દરોડો પાડી પોલીસે ત્રણ જુગારી પકડાયા : બે ભાગી જવામાં સફળ

ડભોડા પોલીસે ગઈકાલે બાતમીના આધારે ફિરોજપુર ગામની સીમમાં બ્રહ્માણી માતા વાળા વાસમાં દરોડો પાડયો હતો. મંદિર પાસે આવેલી ખુલ્લી જગ્યામાં ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ત્રણ શખ્સોને પોલીસે દબોચી લીધા હતા. પોલીસે ફિરોજપુર ગામના પ્રકાશ રાયસંગ ઝાલા, અમરત પ્રતાપ ઠાકોર અને પ્રહલાદ બાબુ જાદવ મળી ત્રણ શખ્સોની રૂ.૧૨,૧૧૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. ચોંકાવનારી બાબત તો એ છે કે પોલીસે દરોડો પાડયો ત્યારે પોલીસને જોઈને નાસભાગ મચી ગઈ હતી અને પોલીસને ચકમો આપી બે જુગારીઓ ત્યાંથી ભાગી છૂટયા હતા અને પોલીસ તેને પકડી પણ શકી ન હતી.

### વાસણ મહાદેવ ગામમાંથી ચાર જુગારીઓ ઝડપાયા

પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એલ.એસ. ચૌધરીની તેમને ચોક્કસ બાતમી મળી હતી કે વાસણ મહાદેવ પાસે પાવન હોટેલની નજીક છાપરાના આંગળામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે સ્થળ પર દરોડો પાડી પોલીસે અમદાવાદ નરોડાના ભરત ઈશ્વર પ્રજાપતિ, વાસણ મહાદેવ પાવન હોટેલની પાસે છાપરામાં રહેતા લક્ષ્મણ કસ્તુર પ્રજાપતિ અને રાંધેજા ખાતે રઘુ રાજ મહેલની બાજુમાં રહેતા દશરથ ડાહ્યા પ્રજાપતિ તથા રાધેજા ગ્રેનાઈટ મીલની પાછળ રહેતાં મેહુલ જીવા પ્રજાપતિ મળીને ચાર શખ્સોને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા હતા. તેમની પાસેથી રોકડ રૂ.૪૩૦૦ તથા ૪ નંગ મોબાઈલ અને એક કાર મળી કુલ રૂ.૨.૯૦ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વિદેશી દારૂની સ્ટાન્ડર્ડ બોટલોની હેરાફેરી કરતા બે રાજસ્થાની ઝડપાયા

**અડાલજ પોલીસે વોચ ગોઠવીને શેરથા કટ પાસેથી મારૂતિ એસ ક્રોસ ગાડી પકડી : મોંઘી સ્કોચ સહિતની ૪૦૮ બોટલો સહિત કુલ રૂ.૭.૮૪ લાખનો મુદ્દામાલ જપ્ત**

ગાંધીનગર, તા.૧૭
અડાલજ પોલીસે આજે સવારે ચોક્કસ બાતમીના આધારે શેરથા કટ પાસે વોચ ગોઠવીને વિદેશી દારૂની હેરાફેરી કરતા બે રાજસ્થાની શખ્સોને દબોચી લીધા છે. મારૂતિ એસ ક્રોસ ગાડી લઈને મોંઘીદાટ દારૂની બોટલોની હેરાફેરી કરવા નીકળેલા બન્ને શખ્સોને ૪૦૮ નંગ બોટલો સાથે દબોચી લઈ અડાલજ પોલીસે કુલ રૂ.૭.૮૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સ્કોચ સહિતની વિવિધ મોંઘી બોટલોનો જથ્થો આ બંને શખ્સો ક્યાંથી લાવ્યા હતા અને કયાં લઈ જવાઈ રહ્યો હતો તે સહિતની ઝીણવટભરી પૂછપરછ અડાલજ પોલીસે હાથ ધરી છે.




ગાંધીનગર એસપી મયૂર ચાવડાની કડક સૂચનાથી જીલ્લા પોલીસ દારૂની હેરાફેરી અને દારૂના વેચાણ પર ખાસ નજર રાખી રહી છે ત્યારે અડાલજ પીઆઈ જે.જી. વાઘેલાની સર્વેલન્સ ટીમે આજે સવારે ચોક્કસ ઈન્ફર્મેશનને આધારે વિદેશી દારૂની મોટી હેરાફેરી પકડી પાડી છે.

હાઈપ્રોફાઈલ ગ્રાહકો માટે લઈ જવાથી આ સ્કોચ સહિતની મોંઘીદાટ વિદેશી દારૂની બોટલો ગાડીમાં ભરીને કલોલ અડાલજ હાઈવે પરથી લઈ જવાઈ રહી હતી. સર્વેલન્સ ટીમના પી.એસ.આઈ એ.જી.એનુરકાર તથા હેડ કોન્સ્ટેબલ કેવલસિંહ અને કોન્સ્ટેબલ જયરાજસિંહ પેટ્રોલીંગમાં હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ કેવલસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે કલોલ અડાલજ હાઈવે પર વિદેશી દારૂનો મસમોટો જથ્થો ભરીને એસ-ક્રોસ ગાડી પસાર થવાની છે. આ બાતમીના આધારે અડાલજ પોલીસની આ સર્વેલન્સ ટીમ શેરથા કટ પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી. બાતમીવાળી ગાડી ત્યાંથી પસાર થતા ગાડીને કોર્ડન કરીને પકડી પાડવામાં આવી હતી અને તેમાંથી રાજસ્થાનના ઝાલોર જિલ્લાના બે શખ્સો માંગીલાલ ચોથારામ ઝાંગુ (બિશ્નોઈ) અને ક્રિષ્નારામરામ લોમરોડ (બિશ્નોઈ) નામના બંને શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી હતી. ગાડીમાં તપાસ કરતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. ગાડીમાંથી સ્ટાન્ડર્ડ સ્કોચ અને વીસ્કી સહિતની બોટલનો જથ્થો પડયો હતો. ૪૦૮ નંગ અલગ અલગ બ્રાન્ડ ની વિદેશી દારૂની બોટલો કિ.રૂ.૨,૮૦,૪૫૦ નો મુદ્દામાલ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે દારૂ તથા બે મોબાઈલ અને ગાડી મળી કુલ રૂ.૭,૮૪,૪૫૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી પકડાયેલા બંને શખ્સોની સઘન પૂછપરછ શરૂ કરી છે.

### ડીવાયએસપી પરાગ વ્યાસને રાષ્ટ્રપતિ ચંદ્રક




મુખ્યમંત્રી સુરક્ષાના નાયબ પોલીસ અધિક્ષકને ગાંધીનગરના યુવાન પરાગ પી. વ્યાસને ૧૫ ઓગષ્ટ-૨૦૧૮એ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પ્રસશંનીય સેવા માટેનો રાષ્ટ્રપતિ પોલીસ મેડલ જાહેર થયો છે. શ્રી વ્યાસ હાલ સી.એમ. સિક્યુરીટીમાં હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી કાળથી સેવારત છે. તેમને આ અગાઉ એક ડૂબતા યુવકને બચાવવા માટેનો રાજ્ય સરકારનો જીવન રક્ષા પદક પણ ૨૬ જાન્યુઆરી-૨૦૦૯માં એનાયત થયેલો છે.

### જય ગજાનંદ ફાઉન્ડેશન દ્વારા અંબાજી ખાતે અખંડ ધૂનનું આયોજન

ગાંધીનગરના જય ગજાનંદ ફાઉન્ડેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૪થી સપ્ટેમ્બર શ્રાવણ વદ-૯ નોમ અને મંગળવારના દિવસે મોટા અંબાજી મંદિર ખાતે 'જય અંબે અખંડ ધૂન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ધૂન માટે આવવા-જવા લકઝરી બસની વ્યવસ્થા કરવામાં આવી છે જેનો ખર્ચ સામેલ થનારે ભોગવવાનો રહેશે. ધૂન દરમ્યાન દિવસમાં બે ટાઈમ ચા-પાણી-ભોજન તથા રહેવાની વ્યવસ્થા ચામુંડા અતિથિ ગૃહ અંબાજી દ્વારા વિના મૂલ્યે પુરી પાડવામાં આવનાર છે. ધૂનનો સમય સવારે ૯ થી રાત્રિના ૯ કલાકનો રહેશે તેમજ રાત્રિએ જ પરત આવવાનું રહેશે. આ ધૂનમાં જોડાવા માંગતા માઈ ભક્તોએ પોતાના નામ ૩૧મી ઓગષ્ટ સુધીમાં જયંતિલાલ સુથારને મો. ૯૮૯૮૦ ૧૪૭૩૮ અથવા જગદીશભાઈ વાઘેલાને મો. ૯૮૭૯૪ ૪૦૧૭૬ પર નોંધાવવા જણાવાયું છે.

## લકઝરીમાં ચરસનો જથ્થો લઈને આવતો કેરિયર ઝડપાયો

**ચંદ્રાલા પાસે વાહન ચેકિંગ કરતી ચિલોડા પોલીસે રાજસ્થાનથી આવતી સ્લીપર લકઝરી ચેક કરતા એક શખ્સ પાસેથી આઠ કિલો ચરસ મળ્યો : રૂ. ૪.૧૦ લાખની કિંમતનો ચરસનો જથ્થો જપ્ત : એસ.ઓ.જી.એ તપાસ સંભાળી : કેરિયરને એક ડિલીવરી માટે રૂ.૨૦ હજાર મળતા હતા**

ગાંધીનગર, તા.૧૭
ચિલોડા પોલીસ આજે સવારે નેશનલ હાઈવે ઉપર ચંદ્રાલા પાસે વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે રાજસ્થાન તરફથી આવતી એક સ્લીપર કોચ લકઝરીમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. મુસાફર બનીને લકઝરીમાં બેઠેલો કેરિયર આઠ કિલો ચરસના જથ્થા સાથે ચેકિંગ દરમિયાન પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. ચિલોડા પોલીસે ચરસનું સ્મગલિંગ કરતા આ શખ્સને દબોચી લઈ માલ ક્યાંથી લાવ્યો હતો અને ક્યાં પહોંચાડવાનો હતો તે સહિતની ઊંડી પૂછપરછ શરૂ કરી કુલ રૂ.૪.૧૦ લાખની કિંમતનો ચરસ જથ્થો જપ્ત કર્યો છે. સમગ્ર ઘટનાની તપાસ જિલ્લાના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપને સોંપવામાં આવી છે.

જિલ્લામાં કડક વાહન ચેકિંગ કરીને દારૂ બિયર તથા ચરસ-ગાંજા સહિતની ચીજવસ્તુઓની થતી હેરાફેરી પકડવા જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાએ સૂચના આપી છે ત્યારે ચિલોડા પીઆઈ એલ.ડી.વાઘેલાની ટીમ દ્વારા હાઈવે ઉપર સઘન વાહન ચેકિંગ હાથ ધરાઈ રહી છે. આજે સવારે ચિલોડા પોલીસની ટીમ ચંદ્રાલા પાસે વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે હિંમતનગર તરફથી અમદાવાદ તરફ જતી રાજધાની ટ્રાવેલ્સની સ્લીપર કોચ લકઝરી નં.આર.જે ૬ પી.બી ૨૨૨૫નું ચેકિંગ પણ હાથ ધરવામાં આવ્યું હતું. લકઝરીની સીટ નંબર એસ ૧૭ પર બેઠેલા મધ્યપ્રદેશના જાવદ વિસ્તારમાં રહેતા ફરીદ બાબુભાઈ છોયા નામના શખ્સને એક કાળા રંગના શંકાસ્પદ થેલા સાથે પકડી પાડયો હતો.

એફ.એસ.એલ.ની બોલાવી આ શંકાસ્પદ ચીજ વસ્તુ શું છે તેની તપાસ કરાવતા પ્રાથમિક તબક્કે ચરસનો જથ્થો હોવાનું સાઈન્ટિફિક ઓફિસર જી પી દરબારે જણાવતા પોલીસે ૮ કિલો ૨૧૪ ગ્રામ વજનનો રૂ.૪,૧૦,૭૦૦ની કિંમતના ચરસનો જથ્થો જપ્ત કરી ફરીદ નામના કેરિયરને દબોચી લઈ તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ચરસના જથ્થાની દુર્ગંધ અન્ય મુસાફરોને ન આવે તે માટે ચરસના જથ્થાને પ્લાસ્ટિકમાં સીલ કરી ત્રીપલ લેયર બનાવી અલગ અલગ આઠ પેકેટ તૈયાર કર્યા હતા. સાઈન્ટિફિક ઓફિસરે આઠેય પૅકેટમાંથી ચરસના સેમ્પલ લઈ તેના પરીક્ષણ શરૂ કર્યા છે. તો બીજી તરફ પકડાયેલો કેરિયર રાજસ્થાનના કયા મોટા ડીલર પાસેથી ચરસનો જથ્થો લાવ્યો હતો અને ક્યાં લઈ જઈ રહ્યો હતો તે સહિતની ઉંડી પૂછપરછ હાથ ધરવામાં આવી છે. સમગ્ર ઘટનાની તપાસ ગાંધીનગર એસઓજીને સોંપવામાં આવી છે. પકડાયેલા આરોપીની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે રાજસ્થાનના ચરસના એક ડીલરનો આ શખ્સ કેરિયર છે. એક માલની ડિલિવરી માટે તેને રૂપિયા ૨૦,૦૦૦ મળતા હતા. આ ચરસનો જથ્થો અમદાવાદમાં લઈ જવાઈ રહ્યો હતો જ્યાં અગાઉ પણ આ જ શખ્સ મહિના પહેલા ડીલીવરી આપી ચૂક્યો છે. એસઓજીની ટીમે સમગ્ર બાબતની વધુ તપાસ શરૂ કરી છે.



ગાંધીનગર જિલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહમાં સે. ૭ના આયુર્વેદ દવાખાના વૈદ્ય મમતાબેન દેસાઈને વંધ્યત્વ નિવારણની કામગીરી માટે તેમજ સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના વૈદ્ય ભાવેશ પટેલને ડાયાબીટીસ માટેની નોંધનીય કામગીરીને લઈ જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાના હસ્તે સન્માન કરાયુ તે પ્રસંગની તસવીર.




ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામે ઉમા સંસ્કાર તિર્થ કન્યા છાત્રાલય ખાતે સરપંચ વિનુભાઈ પટેલે ધ્વજવંદન કરી અનો દિકરીઓને ઈનામ વિતરણ કર્યું હતું તે પ્રસંગની તસવીર.

### રાંદેસણ પાસે ઈકો પલ્ટી : ડ્રાઈવરનો આબાદ બચાવ

રાંદેસણની સામેની બાજુએ માર્ગ પર આજે બપોરના સુમારે અમદાવાદ તરફથી ગાંધીનગર તરફ આવી રહેલી ઈકો કાર અચાનક પલ્ટી મારી ગઈ હતી. પલ્ટી મારી ગયા બાદ ઈકો ઝાડ સાથે ટકરાઈ હતી. આ અકસ્માતમાં ડ્રાઈવરનો આબાદ બચાવ થયો છે. ગાંધીનગર શહેરના માર્ગો પર વાહનો હંકારતા અકસ્માતના નાના મોટા બનાવો પણ બનતા રહે છે. શહેરમાં અકસ્માતને પગલે પૈંડા પરની જીંદગી ઝોખમી બની રહી છે. આજે વરસાદને પગલે માર્ગ પર વાહન ચલાવવું મુશ્કેલીરુપ બન્યું હતું. ત્યારે અમદાવાદથી ગાંધીનગર તરફ આવી રહી હતી તે દરમિયાન ઈકોના ચાલકે કાર પરનો કાબુ અચાનક ગુમાવતા કાર પલ્ટી મારી ગઈ હતી અને ત્યારબાદ વૃક્ષને જઈને અથડાઈ હતી. આ અકસ્માતમાં કારને ભારે નુકશાન થવા પામ્યું છે.

**જાહેરાત**

ટ્રેડ યુનિયનના વાર્ષિક રીટર્ન સને-૨૦૧૭નો રીપોર્ટ તૈયાર કરવા સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરાવવાની જરૂર હોઈ, શ્રમ આયુક્તશ્રીની કચેરી, બ્લોક નં.૧૧, ૧૨ અને ૧૪, બીજો માળ, સેક્ટર-૧૧, ઉદ્યોગ ભવન, ઘ-સર્કલ, ગાંધીનગર દ્વારા ભાવો મંગાવે છે. રસ ધરાવતી એજન્સીઓએ તા. ૧૮/૮/૨૦૧૮ થી તા. ૩૧/૮૨૦૧૮ સુધીમાં કચેરી સમય દરમિયાન કચેરી ખાતેથી ટેન્ડર મેળવી સીલબંધ કવરબમાં કચેરી ખાતે જમા કરાવવાનું રહેશે.

સહી/-
નાયબ શ્રમ આયુક્ત
માહિતી/૧૨૯૩/૧૮-૧૯ શ્રમ આયુક્તની કચેરી, ગાંધીનગર